## મે. સુરતના ૧૩ માં એડી.સી.જજ અને જ્યુ. મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં મુ. સુરત.

ફોજદારી કેસ નં.

<u>આંક - ૧ તળેનો હુકમ</u>

આજરોજ મદદનીશ સરકારી વકીલશ્રી એ.એમ.તુંબડા સુરતાનાઓની આંક- ની વિડ્રોઅલ પુરસીસના આધારે હાલનો કેસ સી.આર.પી.સી. કલમ ૩૨૧ આવ્યો પરત ખેંચતા હોય, સદર પુરસીસના આધારે એ.પી.પી.શ્રીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતનાં જાવક નંબર એમએજી/ડોરમેન્ટ કેસ/વશી, ૩૦૪૧/૨૦૨૪ તા. ૦૩/૧૨/૨૦૨૪ તથા જિલ્લાકાનુની સેવા રાતા મંડળ, સુરત/૩૨/૧૩૩૮/૨૦૨૪ તા. ૦૩/૧૨/૨૦૨૪ આપેલ પરવાનગી હુકમને ધ્યાને લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ ૩૨૧ અવ્યે વિ.એ.પી.પી.શ્રી ને સદર કેસ વિડ્રોઅલ પુરસીસના આધારે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીને બિનતોહમત/નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

<u>-: હુ ક મ :-</u>

1. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૩૯ અન્વયે "બિનતોહમત" છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો સદરહુ કેસની કાર્યવાહિ કિ.પ્રો.કોડની કલમ-૩૦૦ (૫) મુજબ શરુ કરવાના ફરીયાદ પક્ષના હકને આ હુકમ થી કોઈ બાધ રહેશે નહી અને તેવા કીસ્સામાં આ કોર્ટ કાર્યવાહી શરુ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે. આ ઉપરાંત આ કામના આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનુ બિનમુદતી વોરંટ ઈશ્યુ કરવાની હુકમ કરવામાં આવે છે.
2. આ કામે કબ્જે લીધેલ મુદામાલ અંગે અગાઉ નામ. કોર્ટે હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આપે છે.
3. પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવું અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો.
4. પોલીસે કબજે કરેલ મુદ્દામાલ ઈલેક્ટ્રોનીક સાધનો / મોબાઈલ ફોન / વાહન / તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ ન હોય તો જાહેર હરરાજી કરી તેના ઉપજેલા નાણા સરકાર ખાતે જમા કરવવા.
5. સદર કામના આરોપીઓના બેઈલ-બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.
6. આ હુકમની સબંધીત પોલીસ સ્ટેશને યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ-૧૪ માહે ડીસેમ્બર સને ૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી સ્પેશીયલ સીટીંગમાં -- રાષ્ટ્રીય લોક અદાલત માં જાહેર કર્યો.

Place : સુરત ( ઓ.બી.ગોહિલ )
Date : 14/12/2024 તેરમાં એડી.જયુડીશીયલ મેજી., સુરત